7. Shareholders may note that the income tax act, 1961 (ACT), AS amended by Finance Act, 2020, mandates that dividends paid or distributed by the company after April 1, 2020 shall be taxable in the hands of the shareholders. The company shall therefore be required to deduct tax at source (TDS) at the time of making payments of the final dividend. In order to enable us to determine the appropriate TDS rate, as applicable, shareholders are requested to submit the documents in accordance with the provisions of the Act. The detailed tax rates, documents required for availing the applicable tax rates are provided in the notice of the AGM.
8. This notice is being issued for the information and benefits of all the shareholders of the company in compliance with the applicable circulars of the MCA and SEBI.

**By Order of Bord of Derector**
Sd/-
**Mukesh Chaudhary**
Company Secretary

Date : **05/11/2022**
Place : **Ahmedabad**

# બે તબક્કામાં યોજાશે ગુજરાત વિધાનસભાની ચૂંટણી, ૮મી ડિસેમ્બરે પરિણામ



અમદાવાદ,ગુજરાતમાં જે ઘડીની રાહ જોવાઈ રહી હતી તેની આજે આખરે જાહેરાત થઈ ગઈ હતી. કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા ગુજરાત વિધાનસભાની ચૂંટણીની તારીખો જાહેર કરી દેવાઈ છે. જેમાં બે તબક્કામાં મતદાન યોજાશે જેમાં ૧લી અને ૫ મી ડિસેમ્બરે મતદાન યોજાશે. જ્યારે ૮મી ડિસેમ્બરે પરિણામ જાહેર કરાશે.

મહત્વનું છે કે હિમાચલ પ્રદેશની ચૂંટણીની જાહેરાત બાદ ગુજરાતની તારીખોની ઉત્સુકતાથી રાહ જોવાઈ રહી હતી.

મતદાનની તારીખ : ૧લી અને ૫મી ડિસેમ્બર, ૨૦૨૨

પરિણામની તારીખ : ૮ ડિસેમ્બર ૨૦૨૨

કેન્દ્રીય ચૂંટણી પંચે પ્રેસ કોન્ફરન્સ પહેલા મોરબીના મૃતકોને શ્રદ્ધાંજલિ પાઠવી

ચૂંટણી પંચે પોતાની પ્રેસ કોન્ફરન્સ શરૂ કરતા પહેલા મુખ્ય ચૂંટણી કમિશ્નર રાજીવ કુમારે મોરબીની ઘટનાને યાદ કરતા શ્રદ્ધાંજલિ પાઠવી હતી દુઃખ વ્યક્ત કર્યુ હતું.

સિનિયર સિટીઝન્સ માટે સુવિધાઓ

- ઘરેથી પણ પોસ્ટલ બેલેટ દ્વારા મતદાન કરી શકશે, ર્ફ્રદ્બિ ૧૨ઙ્ઘ ભરવાનું રહેશે
- સુગમ પોલિંગ સ્ટેશન દ્વારા સરળતાથી મતદાન કરી શકશે
- વોલિયન્ટર્સ તેમની મદદ માટે રખાશે
- વોટિંગ કરવા માટે તેમને પ્રથમ જવા દેવાશે

રાજકીય પક્ષોની પણ એવી ધારણા હતી કે બન્ને ગણતરી સાથે હશે એટલે જ હિમાચલમાં મતદાન અને ગણતરી વચ્ચે ૨૭ દિવસ જેટલો સમયગાળો રાખવામાં આવ્યો છે.

છેલ્લા ૨૭ વર્ષથી ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીનું શાસન છે અને ૨૦૧૭ની ચુંટણીમાં ૧૮૨ સભ્યોની ધારાસભામાં ભાજપે ૯૯ બેઠકો મેળવી હતી. આ વખતે ગુજરાતમાં ભાજપ સામે કોંગ્રેસ ઉપરાંત આમ આદમી પાર્ટી પણ આક્રમક રીતે પ્રચાર કરી રહી છે ત્યારે ત્રિપાંખિયો જંગ થવાનો છે.

ગુજરાતમાં આશરે ૫ કરોડ મતદાતા કરશે મતદાન

ચૂંટણી પંચે જણાવ્યું હતું કે આ વખતે ગુજરાત વિધાનસભા ચૂંટણી માટે કુલ ૪ કરોડ ૯૦ લાખ (૪,૯૦,૮૯,૭૬૫) મતદારો નોંધાયા છે. જેમાં ૨.૫ કરોડ (૨,૫૩,૩૬,૬૧૦) પુરુષ મતદારો અને ૨.૩૭ કરોડ (૨,૩૭,૫૧,૭૩૮) મહિલાઓ મતદારોનો સમાવેશ થાય છે. આ સિવાય સર્વિસ ઈલેક્ટર્સ, ઁઉ્ઁ અને પ્રથમ વખત વોટ કરનારાનો સમાવેશ થાય છે. પ્રથમ વખત વોટ કરનારાની સંખ્યા ૪,૬૧,૪૯૪ છે.

૫૦ ટકા કરતા વધુ મતદાન મથકો પરથી લાઈવ વેબકાસ્ટિંગ કરાશે

મહિલા મતદારો માટે ૧૩૭૪ મતદાન મથકો મહિલા સ્ટાફ સંચાલિત હશે

અત્યાર સુધી ૧૦૮ ઉમેદવારોના નામ જાહેર કરી દીધા

આ બાજુ હાલમાં જ આમ આદમી પાર્ટી (છછઁ) એ ગુજરાત વિધાનસભા ચૂંટણી માટે ઉમેદવારોની આઠમી યાદી જાહેર કરી હતી. નવી યાદીમાં ૨૨ ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવ્યા છે. આમ આદમી પાર્ટીએ અત્યાર સુધીમાં ૧૦૮ ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. છછઁ તમામ ૧૮૨ વિધાનસભા બેઠકો પર ચૂંટણી લડી રહી છે.

હજુ સુધી કોંગ્રેસ અને ભાજપે ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે પોતાના મૂરતિયાઓની જાહેરાત કરી નથી પરંતુ સૂત્રો અનુસાર બંને પક્ષોએ પોતાની યાદી સંપૂર્ણપણે તૈયાર કરી દીધી છે.

## ગુજરાતમાં ૪ હજારમાંથી ૧૮૨ ઉમેદવારો પસંદ કરશે BJP, આ ૩ ફોર્મ્યુલા લાગૂ કરવાની તૈયારી

અમદાવાદ, ગુજરાતના કાર્યાલય ખાતે પાર્ટીના ત્રણેય દળોની મહત્વપૂર્ણ મીટિંગ શરૂ થઈ ગઈ છે અને સૌથી ખાસ વાત તો એ છે કે તેમાં કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ પણ ભાગ લઈ રહ્યા છે. તેમના સિવાય રાજયના પ્રદેશ પ્રભારી ભૂપેન્દ્ર યાદવ, ઝસ ભૂપેન્દ્ર પટેલ અને પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટિલ પણ સામેલ છે. કહેવાઈ રહ્યું છે કે ૩ દિવસની આ મેરાથોન બેઠકમાં તમામ ૧૮૨ બેઠકો પર ઉમેદવારોના નામો અંગે વિચારણા કરવામાં આવશે. પાર્ટી ઈચ્છે છે કે સમયસર ઉમેદવારોના નામ જાહેર કરી શકાય જેથી ચૂંટણીનો પ્રચાર કરવામાં મોડું ન થાય અને માહોલ ઉભો કરી શકાય.

મ્ત્નઁએ તમામ બેઠકો માટે સંભવિત ઉમેદવારો પાસેથી નામ મંગાવ્યા હતા. મળતી માહિતી મુજબ ૧૮૨ બેઠકોમાંથી કુલ ૪,૦૦૦ અરજીઓ આવી છે. આ અરજીઓ પર વિચાર કરવામાં આવશે. મ્ત્નઁ ગુજરાતમાં છેલ્લા ૨૭ વર્ષથી સત્તામાં છે અને અનેક ધારાસભ્યો દાયકોથી વર્ચસ્વ ધરાવે છે. આવી સ્થિતિમાં એન્ટી-ઈક્મ્બન્સીનું જોખમ પણ રહેલું છે. તેનો સામનો કરવા માટે પાર્ટી તરફથી નો-રિપીટ ફોર્મ્યુલા લાગુ થઈ શકે છે અને મોટાભાગની બેઠકો પરના જુના ધારાસભ્યોને હટાવી શકાય છે. આ કારણે ૪,૦૦૦ અરજીઓમાંથી ૧૮૨ ઉમેદવારોને શોધવા માટેનું મંથન ચાલી રહ્યું છે.

પાર્ટી પરિવારવાદથી દુર હોય અને સામાન્ય પૃષ્ઠભૂમિમાંથી આવતા લોકોને પ્રાથમિકતા આપીને પાયાના કાર્યકર્તાઓને તક આપવાની ફોર્મ્યુલા પર કામ કરી રહી છે. તેના દ્વારા મ્ત્નઁ કાર્યકર્તાઓને સંદેશ આપવાનો પ્રયાસ કરશે કે સામાન્ય લોકોને પણ તક મળી શકે છે. આ સિવાય મતદારોમાં એવો સંદેશ આપવાનો પ્રયાસ થશે કે તેણે કામ ન કરતા ધારાસભ્યોને હટાવ્યા છે. નવા ચહેરાઓ દ્વારા ભાજપા નવી હવા ઉભો કરવાનો પ્રયાસ કરશે.

## ગુજરાતમાં અહીં શિપિંગ કન્ટેનરમાં ઉભું કરાશે મતદાન મથક, ૨૧૨ મતદારો કરશે વોટિંગ

અમદાવાદ : કેન્દ્રિય ચૂંટણી પંચે ગુજરાત વિધાનસભા ચૂંટણીની જાહેરાત કરી છે. રાજ્યમાં ચૂંટણીની તારીખોની જાહેરાત સાથે જ આચારસંહિતા લાગુ થઇ છે. ગત વખતની જેમ આ વખતે પણ કુલ બે તબક્કામાં મતદાન થશે, જેમાં ૧ ડિસેમ્બરે પ્રથમ તબક્કાનું મતદાન થશે અને ૫ ડિસેમ્બરે બીજા તબક્કાનું મતદાન થશે. તો ડિસેમ્બરે ગુજરાત વિધાનસભા ચૂંટણીનું પરિણામ જાહેર થશે. આ વખતે ચૂંટણી પંચે મતદારો સરળતાથી મતદાન કરી શકે તે માટે વિશેષ વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવી રહી છે. ત્યારે ભરૂચ જિલ્લામાં અન્ય મતદાન મથકોથી અલગ મતદાન મથક ઉભું કરવામાં આવશે.

ભરૂચ નજીક આલીયાબેટ ટાપુ આવેલો છે, ત્યારે વર્ષ ૨૦૨૧ માં સ્થાનિકો ચૂંટણીઓમાં ચૂંટણી પંચે પ્રથમ વખત અહીં મતદાન મથક બનાવ્યું હતું. તે સમયે મતદાન મથકમા ૨૦૪ મતદારોએ વોટ આપ્યો હતો. આ પોલિંગ બૂથ એક સ્કૂલના શેડમાં બનાવવામાં આવ્યું હતું. અહીં લગભગ ૬૦૦ લોકોની વસ્તી છે. ત્યારે વિધાનસભાની ચૂંટણીમાં પણ તેમના માટે અલગથી વ્યવસ્થા કરવામાં આવી છે.

આલિયા બેટ એ એક નાનો ટાપુ છે જે ભરૂચ જિલ્લામાં ભાડભૂત કિનારાની નજીક સ્થિત છે. તે નર્મદા નદી પરનો એક નાનો ટાપુ છે જેનો વિસ્તાર વિશાળ છે. અહીં પશુપાલનનો વ્યવસાય કરતા જત કોમના લોકો રહે છે. સ્થાનિકો પાસે મોટી સંખ્યામાં ભેંસ અને ઊંટ છે. બોટમાં ભરૂચ અને હાંસોટના કિનારે પહોંચી સ્થાનિક ગામોમાં તે દૂધનો વ્યવસાય કરે છે. અહીંના સ્થાનિકો ખુબજ પછાત જીવન જીવે છે જેઓ વીજળી માટે સોલર લાઈટ ઉપર નિર્ભર છે. દૂર આપવા જતા લોકો પરત કેનમાં પીવાનું પાણી ભરી લાવે છે.મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવકુમારે જણાવ્યું હતું કે ભરૂચના આલિયાબેટના ૨૧૨ મતદારો માટે શિપિંગ કન્ટેનરમાં મતદાન મથક ઉભું કરવામાં આવશે. અહીંના લોકોને મતદાન માટે ૮૨ કિ.મી દૂર થવું પડતું હતું. બેટ ઉપર જતા લોકો વસવાટ કરે છે અને બેટ ઉપર એક પણ સરકારી મકાન ન હોવાથી શિપિંગ કન્ટેનરમાં મતદાન મથક ઉભું કરવામાં આવશે.

## ચૂંટણી પૂર્વે પ્રજાને રીઝવવા ક્લાર્ક-તલાટી પરીક્ષાની તારીખ જાહેર, હોમગાર્ડ-GRDનું વેતન વધારાયુ

અમદાવાદ, ગુજરાતમાં ચૂંટણીની જાહેરાત થઈ છે ત્યારે રાજ્ય સરકારે એક બાદ એક ધડાધડ નિર્ણયો જાહેર કરીને સરકારી કર્મચારીઓ, યુવાઓ, મતદારોને રિઝવવા પ્રયાસ થઈ રહ્યાં છે. ગઈકાલે મોડી સાંજે ઁજીની બદલી, નવી બેંચના ઁજી ઓફિસરોની નિમણૂક સહિતની રાતોરાત બદલી બાદ આજે સવારે ૧૨ કલાકની ઈલેક્શન કમિશનની પ્રેસ કોન્ફરન્સ પૂર્વે જ સરકારે ક્લાર્ક અને તલાટીની પરીક્ષાની જાહેરાત કરી છે અને પોલીસ કર્મીઓના પગાર વધારાનો પણ નિર્ણય કર્યો છે.

ગુરૂવારે વહેલી સવારે સરકારે હોમગાર્ડના વેતનમાં વધારાની જાહેરાત કરી છે. હોમગાર્ડ કર્મીઓનું વેતન રૂ. ૩૦૦થી વધારી ૪૫૦ રૂપિયા કરવામાં આવ્યું છે. આ સાથે રાજ્ય ગૃહ મંત્રાલયે જીઆરડીનું વેતન રૂ ૨૦૦થી વધારી ૩૦૦ કરવામાં આવ્યું છે.

ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ આ અંગે સન્માન સમારંભમાં જાહેરાત કરી છે. ચૂંટણીની જાહેરાત પહેલા પોલીસ કર્મીઓને રિઝવવા સરકારે આ મહત્વની જાહેરાત કરી છે. ૧લી નવેમ્બરથી આ વધારો લાગુ થશે.

ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ કરી જાહેરાત, હોમ ગાર્ડ ના વેતન મા વધારાની જાહેરાત, હોમ ગાર્ડ નુ વેતન રૂ ૩૦૦ થી વધારી ૪૫૦ કરવામાં આવ્યું ,સન્માન સમારંભમા કરી જાહેરાત, જીઆરડીનુ વેતન રૂ ૨૦૦ થી વધારી ૩૦૦ કરવામાં આવ્યું, આ વધારો ૧ નવેમ્બર ૨૦૨૨થી ગણાશે

આ સિવાય રાજ્યના યુવાનો અને મતદારોને ખુશ કરવા માટે પણ સરકારે મહત્વની જાહેરાત કરી છે. જુનિયર ક્લાર્ક-તલાટી કમ મંત્રીની ભરતી પરીક્ષાની તારીખ જાહેર કરવામાં આવી છે. આગામી ૮ જાન્યુઆરીના રોજ જૂનિયર ક્લાર્કની પરીક્ષા યોજાશે અને ૨૯ જાન્યુઆરીના રોજ લેવાશે તલાટી કમ મંત્રીની પરીક્ષા યોજાશે.

## 'કમલમ'માં BJPની સંકલન સમિતિની બેઠક, તમામ દાવેદારો અંગે ચર્ચા કરી પાર્લામેન્ટ્રીમાં મોકલાશે



અમદાવાદઃ આજે વિધાનસભાની ચૂંટણીની તારીખ જાહેર થવાની છે, ત્યારે ગાંધીનગરમાં પ્રદેશ કાર્યાલય કમલમમાં આજથી ૩ દિવસ ચૂંટણીલક્ષી બેઠકોનો ધમધમાટ શરૂ થશે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં બેઠક દીઠ ત્રણ દાવેદારોની પેનલ બનશે. જેમાં જિલ્લા પ્રમાણે સંકલન બેઠકમાં દાવેદારોના નામ પર ચર્ચા થશે. આજે ભાજપની સંકલન સમિતિની બેઠકમાં પ્રદેશના તમામ નેતાઓ હાજર રહેશે. સંકલન બેઠકમાં તમામ દાવેદારો અંગે ચર્ચા કરીને દાવેદારોમાંથી મહત્વના નામો પાર્લામેન્ટ્રીમાં મોકલાશે.

કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહની હાજરીમાં આજે ગાંધીનગરમાં પાર્લામેન્ટરી બોર્ડ મળશે. જેમાં ૧૧ જિલ્લાઓની બેઠકો માટે મંથન થશે. સવારે ૧૦ વાગ્યાથી બેઠકોની શરૂઆત થશે. એક એક બેઠક દીઠ ઉમેદવારોના નામ પર ચર્ચા થશે. નિરીક્ષકો અને જિલ્લા આગેવાનો સેન્સ પ્રક્રિયા વાળા નામોની યાદી આપશે.

૧૩ શહેર અને જિલ્લા માટે ભાજપનું મંથન થશે. જેમાં ૪૭ બેઠકો માટે ઉમેદવારોના નામની યાદી તૈયાર થશે.

પાર્લામેટ્રી બોર્ડના ૧૮ સભ્યો સહિત કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની હાજરીમાં મંથન થશે. પાર્લામેન્ટ્રી બોર્ડમાં વધુ ત્રણ લોકોને સ્થાન મળ્યું છે. કેન્દ્રિયગૃહમંત્રી અમિત શાહે સ્થાન આપ્યું છે. કેન્દ્રિયમંત્રી મનસુખ મંડવીયાને પણ સ્થાન મળ્યું છે અને ગૃહરાજયમંત્રી હર્ષ સંઘવીને સ્થાન મળ્યું છે.

ઉલ્લેખનીય છે કે, ભાજપની ચૂંટણી માટે ત્રણ દિવસ સુધી સેન્સ પ્રક્રિયા ચાલી હતી. દાવેદારીના ઉમેદવારના નામોની પસંદગીની પ્રક્રિયા પર નજર કરીએ તો દરેક જિલ્લામાં નિરીક્ષકો દ્વારા સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. સેન્સ પ્રક્રિયા બાદ યાદી સંકલન બેઠકમાં રજૂ કરવામાં આવશે. મળેલા દાવેદારીની યાદી નિરીક્ષકો દ્વારા જ શોર્ટલિસ્ટ કરવામાં આવશે. ૩થી ૫ નામ સંકલન સમિતિમાં રજૂ કરવામાં આવશે, પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડ ત્યારબાદ ૩ નામ પસંદ કરશે. ત્યારબાદ પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડ પસંદ કરેલા નામોને કેન્દ્રીય પાર્લામેન્ટરી બોર્ડને મોકલાશે.

નોંધનીય છે કે આજે ગાંધીનગર ખાતે કમલમમાં ભાજપની સંકલનની બેઠકમાં રાષ્ટ્રીય અને પ્રદેશના તમામ મોટા દિગ્ગજ નેતાઓ હાજર રહેશે. ભાજપને સેન્સ પ્રક્રિયામાં કુલ ૪૩૪૦ બાયોડેટા મળ્યા છે. સેન્સ પ્રક્રિયામાં સૌથી વધુ બાયોડેટા ૧,૪૯૦ ઉત્તર ગુજરાતમાંથી મળ્યા છે. ભાજપને સૌરાષ્ટ્રમાંથી કુલ ૧,૧૬૩ બાયોડેટા મળ્યા છે. મધ્ય ગુજરાતમાં મળ્યા ૯૬૨ બાયોડેટા તો બીજી તરફ સૌથી ઓછા બાયોડેટા ૭૨૫ દક્ષિણ ગુજરાતમાંથી મળ્યા છે.

મહત્વનું છે કે, ૨૦૧૭ની ચૂંટણી કરતા ૧૧૦૦ બાયોડેટા વધારે મળ્યા છે. સેન્સ પ્રક્રિયામાં મળેલા આ બાયોડેટા પર સંકલનની બેઠક પર ભાજપ મંથન કરશે. સંકલનની બેઠક બાદ પસંદ કરેલા નામો પાર્લામેન્ટરી બોર્ડ સમક્ષ રાખવામાં આવશે.

કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહની હાજરીમાં આજે ગાંધીનગરમાં પાર્લામેન્ટરી બોર્ડ મળશે. જેમાં ૧૧ જિલ્લાઓની બેઠકો માટે મંથન થશે. સવારે ૧૦ વાગ્યાથી બેઠકોની શરૂઆત થશે. એક એક બેઠક દીઠ ઉમેદવારોના નામ પર ચર્ચા થશે. નિરીક્ષકો અને જિલ્લા આગેવાનો સેન્સ પ્રક્રિયા વાળા નામોની યાદી આપશે.

૧૩ શહેર અને જિલ્લા માટે ભાજપનું મંથન થશે. જેમાં ૪૭ બેઠકો માટે ઉમેદવારોના નામની યાદી તૈયાર થશે.

## મોરબી દુર્ઘટનાની અસરઃ અમદાવાદ ખાતે અટલ બ્રીજ ઉપર મુલાકાતીઓની સંખ્યા ઉપર અંકુશ

અમદાવાદ ,મોરબી ખાતે ક્ષમતા કરતા વધારે મુલાકાતીઓ હાજર હોવાના કારણે ઝૂલતો પુલ તૂટી પડતા થયેલી હોનારતના પડઘાં હવે દેશભરમાં પડી રહ્યા છે. આ ઘટનાના કારણે ઓરિસ્સાના કટક ખાતેના ઝુલતા પુલને એક દિવસ માટે બંધ રાખી નવેસરથી ઈન્સ્પેકશન કરવાની જાહેરાત બાદ અમદાવાદની સાબરમતી નદી ઉપર બાંધવામાં આવેલા અટલ બ્રીજ વોકવે ઉપર પણ મુલાકાતીઓની સંખ્યા માર્યાદિત રાખવાની જાહેરાત કરવામાં આવી છે.

સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન દ્વારા એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે અગમચેતીના ભાગ રૂપે બ્રીજની કેપેસીટી એકસાથે ૧૨,૦૦૦ મુલ્કાતીઓની હોવા છતાં હવેથી બ્રીજ ઉપર વધુમાં વધુ ૩૦૦૦ મુલાકાતીઓને જ પ્રવેશ આપવાની જાહેરાત કરવામાં આવે છે. એટલ બ્રીજ ઉપર એકસાથે ચાલી સાબરમતી નદીના એક કાંઠેથી બીજા કાંઠે જવા માટે મુલાકાતીઓની સંખ્યા પ્રતિ કલાક ૩૦૦૦થી વધારે નહી રાખવાનો નિર્યણ લેવામાં આવ્યો છે. જો મુલાકાતીઓની સંખ્યા વધી જાય તો તેમણે બ્રીજની મુલાકાત માટે હવેથી પ્રતીક્ષા કરવી પડશે એવું આ યાદીમાં જણાવ્યું છે.

## માનવતા મહેકીઃ યુવાનનું લાખો રૂપિયાનું સારવાર બીલ માફ કરી વીર ભામાશાનુ ઉદાહરણ પુરૂ પાડ્યુ

નવસારીઃ આજના જમાનામાં ખાનગી હોસ્પિટલમાં ગયા એટલે ખિસ્સા ખાલી અને તેમાં પણ ગરીબને મોંઘી સારવાર લેવી મુશ્કેલ જ હોય છે. ત્યારે અકસ્માતમાં ૭૦ ટકા ફેંફસાને નુકશાન પહોંચવા સાથે લકવાની અસર હોવાથી ચીખલીના સાદકપોરનો યુવાન છેલ્લા ૪ મહીનાથી ચીખલીની ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ હતો, જેનું ૪.૬૪ લાખનું બીલ હોસ્પિટલે માફ કરી માનવતાનું અનેરૂ ઉદાહરણ પુરૂ પાડ્યું છે.

ચીખલી તાલુકાના સાદકપોર ગામે ચાડીયા ફળિયામાં રહેતા ૧૬ વર્ષીય સાગર ધર્મેશભાઈ પટેલ ચીખલીમાં ફૂટવેરની દુકાનમાં નોકરી કરી પોતાના પરિવારને મદદરૂપ થાય છે. ગત ૨૯ ઓગષ્ટ ૨૦૨૨ ની સાંજે પોતાની બાઈકથી ઘરે જઈ રહ્યો હતો. દરમિયાન ચીખલી-ખેરગામ માર્ગ પર કાવેરી નદીના પુલ પરથી પસાર થતી વેળાએ અજાણ્યા વાહન સાથે ધડાકાભેર અથડાતા સાગર ગંભીર રીતે ઘવાયો હતો. ઘાયલ સાગરને તાત્કાલિક વલસાડ સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડયો હતો, જ્યાંથી ફેફસામાં ગંભીર માર વાગ્યો હોવાથી સાગરને બે દિવસ બાદ ૩૧, ઓગસ્ટ ૨૦૨૨ ની સાંજે ચીખલીની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફેફસા ૭૦ ટકા ડેમેજ જણાયા હતા અને સાથે મલ્ટીપલ ફ્રેક્ચર પણ હતા. જેથી હોસ્પિટલના ડૉ. વિવેક રાવલ અને તેમની ટીમે સાગરને સારો કરવાની ચેલેન્જ ઉપાડી હતી.


### પ્રવેગ કોમ્યુનિકેશન્સ ( ઈન્ડિયા) લીમીટેડ

PRAVEG Accelerating ideas

સીન : L24231GJ1995PLC024809

રજીસ્ટર્ડ ઓફિસ : ૨૧૪, એથેના એવેન્યુ, જગુઆર શૉરૂમ પાછળ, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ- ૩૮૨૪૮૧

ફોન : + ૯૧ ૭૯ ૨૭૪૯૬૭૩૭ । વેબસાઈટ : www.praveg.com। ઈ-મેલ : cs@praveg.com

**૨૭મી વાર્ષિક સામાન્ય સભા અને ડિવિડન્ડ માટે રેકોર્ડ ડેટની માહિતી**

૧. આથી શેર હોલ્ડર્સને જાણ કરવામાં આવે છે કે કંપનીની **૨૭મી વાર્ષિક સામાન્ય સભા સોમવાર, તારીખ ૨૮મી, નવેમ્બર, ૨૦૨૨ના રોજ ૩.૦૦ વાગે (આઈએસટી) વીસી / ઓએવીએમ** દ્વારા, જે કંપનીઝ અધિનિયમ, ૨૦૧૩ ની લાગુ જોગવાઈઓ અને સેબી (લીસ્ટીંગ ઓબ્લીગેશન એન્ડ ડિસ્કલોઝર રિક્વાયરમેન્ટ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ સેબી રેગ્યુલેશન) અને તે મુજબના નિયમો, મિનિસ્ટ્રી ઓફ કોર્પોરેટ એફેયર્સ (એમસીએ), ભારત સરકાર અને સેબી દ્વારા જારી કરવામાં આવેલ લાગુ પડતા સામાન્ય પરિપત્રોની સાથે વાંચીને નોટિસમાં નિર્ધારિત વ્યવસાયનો વ્યવહાર કરવા માટે યોજવામાં આવશે.

૨. ઉપર્યુક્ત પરિપત્રોનું અનુસરણ કરી વાર્ષિક અહેવાલની ઈલેક્ટ્રોનિક કૉપી તથા એજીએમ નોટિસ સાથે નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલની કૉપી શેર હોલ્ડર્સના કંપની/ડીપોઝીટરી પાર્ટીસિપેન્ટ પાસે નોંધાયેલા ઈમેઈલ પર મોકલવામાં આવશે. એજીએમની નોટીસ તથા નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ કંપનીની વેબસાઈટ www.praveg.com, સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ www.bseindia.com અને એનએસડીએલની વેબસાઈટ (રિમોટ ઈ-વોટીંગ સુવિધા એજેન્સીમાટે) www.evoting.nsdl.com પર ઉપલબ્ધ રહેશે.

૩. **વાર્ષિક અહેવાલ સાથે એજીએમ નોટિસ મેળવવા માટે ઈમેઈલ એડ્રેસની નોંધણી/અપડેટ માટે**

જે સભ્યો ફીઝિકલ મોડમાં શેર ધરાવે છે અને ઈમેઈલ એડ્રેસનો સુધારો કંપની સાથે કર્યો નથી તેમને વિનંતી કરવામાં આવે છે કંપનીના ઈમેઈલ આઈડી cs@praveg.com પર શેરહોલ્ડર ના નામ સરનામા અને સહી સાથેનો વિનંતી પત્ર સ્વપ્રમાણિત પાન કાર્ડ અને અન્ય દસ્તાવેજો (દાખલા તરીકે ડ્રાઈવિંગ લાઈસેન્સ, ચૂટણી કાર્ડ, પાસપોર્ટ) શેરહોલ્ડરોના સરનામાની પુર્તિ કરવા માટે મોકલીને ઈમેઈલ એડ્રેસ બદલાવે.

જે શેરહોલ્ડરો ડિમટીરીયલાઈઝ મોડમાં શેર ધરાવતા હોય તેમણે નોંધણી અને તેમના ઈમેઈલ એડ્રેસમાં સબંધિત ડિપોઝીટરી પાર્ટીસિપન્ટ સાથે સુધારો કરવા વિંનંતી કરવામાં આવે છે.

૪. **ઈ- વોટિંગ મારફતે મતદાન કરવાની રીત**

કંપનીના એજીએમ નોટીસમાં દર્શાવ્યા મુજબ શેર હોલ્ટર્સ પાસે ઈ-વોટીંગ દ્વારા વોટ આપવાની તક રહેશે.

ઈ-વોટીંગ દ્વારા વોટ કરવા માટેના લોગઈનની વિગત નોટીસમાં તથા રજીસ્ટર્ડ ઈ-મેઈલમાં દર્શાવેલ વિવિધ પદ્ધતિઓ દ્વારા ઉપલબ્ધ કરવામાં આવશે. આ વિગતો કંપનીની વેબસાઈટ પર ઉપલબ્ધ કરવામાં આવશે.

૫. શેર હોલ્ડર્સને જણાવવામાં આવે છે કે બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા આખરી ડિવિડન્ડ રૂ.૪/- તારીખ ૨૪ મે, ૨૦૨૨ ના રોજ યોજાયેલ સભામાં ભલામણ કરવામાં આવી છે. મેમ્બર્સની મંજૂરી બાદ, આખરી ડિવિડન્ડ (તારીખ ૩૧ માર્ચ, ૨૦૨૨ સુધી) તારીખ ૨૯ નવેમ્બર, ૨૦૨૨ના રોજ અથવા પછી એવા સભ્યોને કે જેમના નામ રજીસ્ટર ઓફ મેમ્બર્સ / લીસ્ટ ઓફ બેનિફિશ્યલ ઓનર્સમાં બુક ક્લોઝરના આગલા દિવસે એટલે કે તારીખ ૨૧ નવેમ્બર, ૨૦૨૨ના રોજ નોંધાયેલ છે તેમના દ્વારા સુધારાયેલ બેંક એકાઉન્ટ વિગતો પર ઓનલાઈન ટ્રાન્સફર કરવામાં આવશે.

એવા શેરહોલ્ડર્સ કે જેમણે બેંક એકાઉન્ટની વિગતો સુધારી ન હોય તેમને ડિવિડન્ડ ડિવિડન્ડ વોરંટ્સ / ડિમાન્ડ ડ્રાફ્ટ / ચેક દ્વારા પોસ્ટલ સર્વિસની ઉપલબ્ધતાને ધ્યાનમાં રાખીને પોસ્ટથી મોકલવામાં આવશે.

૬. **ઈલેક્ટ્રોનીક પદ્ધતિથી ડિવિડન્ડ મેળવવા માટે નોંધણી પદ્ધતિ**

ડિવિડન્ડ મેળવવામાં વિલંબ ન થાય તે માટે, શેર હોલ્ડર્સને તેમની સંપૂર્ણ બેંક ડિટેઈલ્સ તેમના ડિપોઝીટરી (કે જ્યાં ડિમટીરીયલાઈઝ શેર રાખવામાં આવે છે) તથા કંપનીમાં (જ્યાં ફીઝીકલ શેર રાખવામાં આવે છે) cs@praveg.com પર સહી કરેલા રીક્વેસ્ટ લેટરની કોપી જેમાં નામ, ફોલીઓ નંબર, બેંક ડીટેઈલ્સ, સ્વ પ્રમાણિત પાન કાર્ડ કોપી તથા કેન્સલ્ડ ચેક મોકલવા માટે વિનંતી કરવામાં આવે છે.

૭. શેર હોલ્ડરે નોંધ લેવી કે Finance Act ૨૦૨૦ દ્વારા સુધારવામાં આવેલ ઈન્કમ ટેક્ષ એક્ટ ૧૯૬૧ (છજી)ના આદેશ મુજબ તારીખ ૧ એપ્રિલ, ૨૦૨૦ પછી કંપની દ્વારા આપવામાં આવેલ ડિવિડન્ડ શેર હોલ્ડર્સ માટે ટેક્ષ પાત્ર છે. આથી કંપની દ્વારા ડિવિડન્ડની ચૂકવણી વખતે TDS કાપવામાં આવશે. કંપની દ્વારા યોગ્ય TDS ની કપાત માટે શેર હોલ્ડર્સને વિનંતી છે કે કાયદાની જોગાવાઈ મુજબના દસ્તાવેજો જમા કરાવવા. વિગતવાર ટેક્ષ રેટ, તથા લાગુ ટેક્ષ રેટ માટેના જરૂરી દસ્તાવેજો કંપનીના એજીએમ મીટીંગની નોટીસમાં જણાવવામાં આવેલ છે.

૮. આ નોટીસ કંપનીએ શેર હોલ્ડર્સના માટે અને તેમને માહિતી મળી રહે તે માટે લાગુ પડતા સેબી અને એમસીએના પરિપત્રના અમલમાં રજૂ કરેલ છે.

**બોર્ડ ઓફ ડાયરેક્ટર્સ ના હુકમથી**
**સહી/-**
**મુકેશ ચૌધરી**
**કંપની સેક્રેટરી**

**તારીખ : ૫/૧૧/૨૦૨૨**
**સ્થળ : અમદાવાદ**


## સોલાપુર ગારમેન્ટ્સ મેન્યુફેક્ચરર્સ એસોસિયેશન અને મહાવીર ટેક્સટાઈલ ગ્રુપ, સોલાપુર દ્વારા આયોજિત




અમદાવાદ, કોવિડને કારણે બે વર્ષના વિશ્રામ પછી ૫મો યુનિફોર્મ એન્ડ ગારમેન્ટ્સ મેન્યુફેક્ચરર્સ ફેર ૨૦૨૨ પાછો આવી ગયો છે. સોલાપુર ગારમેન્ટ્સ મેન્યફેક્ચરર્સ એસોસિયેશન (એસજીએમએ) વતી માર્ગ પરિવહન અને હાઈવે મંત્રી શ્રી નીતિન ગડકરી દ્વારા તેની વિધિસર ઘોષણા કરવામાં આવી હતી. આ પાંચમી આવૃત્તિ હાયટેક્સ કન્વેન્શન સેન્ટર, ઈઝ્‌ઝત નગર, હૈદરાબાદ, તેલંગાણામાં ૭, ૮, ૯ ડિસેમ્બર, ૨૦૨૨ના રોજ યોજાશે. કોવિડ-૧૯ મહામારી પૂર્વે લાગલગાટ ચાર સફળ આવૃત્તિ પછી યુનિફોર્મ એન્ડ ગારમેન્ટ્સ મેન્યુફેક્ચરર્સ ફેર ૨૦૨૨ની પહેલી આવૃત્તિ ૧૫થી વધુ દેશોમાં વિસ્તરી છે. ૨૦૦થી વધુ યુનિફોર્મ ઉત્પાદકો તેમાં ભાગ લે છે. ૪૦૦૦ ફેબ્રિક ડિઝાઈન અને ૨૦,૦૦૦થી વધુ યુનિફોર્મની ડિઝાઈનો તેનો હિસ્સો છે. ભારતના ઉત્તમ યુનિફોર્મ અને ગારમેન્ટ સોર્સિંગ મંચ તરીકે પ્રદર્શનની ઘોષણા ભારત સરકારના એમએસએમઈ મંત્રાલય અને મહારાષ્ટ્રના ટેક્સટાઈલ મંત્રાલય દ્વારા કરવામાં આવી હતી. આ પ્રદર્શનને મહાવીર ટેક્સટાઈલ્સ ગ્રુપ, સોલાપુરે ટેકો આપ્યો છે. આ પ્રદર્શન યુનિફોર્મ અને ગારમેન્ટ સોર્સિંગ માટે એક છત હેઠળનું એકમાત્ર અસલ મંચ છે. (૨૨-૧)

## મોરબી હોનારતમાં મૃત્યુ પામેલા એક પણ વ્યક્તિનું પોસ્ટમોર્ટમ ન કરવા સરકારનો આદેશ

અમદાવાદ, દિવાળીની રજાના અંતિમ દિવસ રવિવારે મોરબીના મચ્છુ નદીની ઉપર રહેલા કેબલ બ્રિજ તૂટી પડવાની ગોઝારી ઘટનામાં ૧૪૦થી વધુ લોકો મોતને ભેંટ્યા છે. આ હોનારત કહીએ કે હત્યાકાંડ, તમામ મૃતકમાંથી કોઈનું પણ પોસ્ટ મોર્ટમ ન કરવા સરકારે આદેશ કર્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર આ ઘટનામાં મૃત્યુ પામેલા ૧૪૧ લોકોમાંથી ૯૯ ડેડબોડીની ઓળખ કરી લેવામાં આવી છે. આ તમામ ડેડબોડીની ઓળખ કરીને તેમના પરિવારજનોને સોંપવાની પ્રક્રિયા ચાલી રહી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઘટનાસ્થળે હોવાથી સરકારે ગવર્નમેન્ટ રિઝોલ્યુશન (ય્ઇ) બહાર પાડ્યો છે કે, આ દુર્ઘટનામાં કોઈ પોસ્ટમોર્ટમ કરવામાં આવશે નહીં. જોકે આ નિર્ણયથી અત્યાર સુધી બનાયેલ ૧૪૧ લોકોના મોત કઈ રીતે થયા ? ડૂબવાથી, ડરવાથી પછડાવાવથી પાણીમાં ગૂંગળામણને કારણે કે અન્ય રીતે-તેનું ચોક્કસ કારણ જાણવા નહીં મળે.

રવિવારે મોડી સાંજે પુલ તૂટવાને કારણે અંદાજે ૫૦૦થી વધુ લોકો પાણીમાં ખાબક્યા હતા. આ જેમાંથી ૧૦૦ લોકોની ડેડબોડી બહાર કાઢવામાં આવી છે પરંતુ હાલ કોઈનું પોસ્ટમોર્ટમ ન થવાને કારણે મોતનું ચોક્કસ કારણ જાણવું ખૂબ જ મુશ્કેલ છે. મોરબીથી રાજકોટ સુધી અંતિમ ક્રિયાઓ માટે તૈયારીઓ પણ શરૂ કરી દેવાઈ છે. જેમાં સ્મશાન અને કબ્રસ્તાનમાં પરિવાર પોતાના સ્વજનની અંતિમવિધિ કરશે. મોરબી હાલ ચોધાર આંસુએ રડી રહ્યું છે અને હવે આગામી દિવસોમાં સ્વજનોના પોકાર વચ્ચે ભડકે બળશે.

## ઝૂલતા પુલની દુર્ઘટનામાં ઓરેવા કંપની કે માલિકનું FIRમાં ક્યાંય નામ નથી, ૩૦૪, ૩૦૮ અને ૧૧૪ની કલમ લગાડી ગુનો નોંધાયો

મોરબી, મોરબી માટે ગઈકાલનો સન્ડે 'બ્લેક સન્ડે' સાબિત થયો છે. વીકેન્ડને એન્જોય કરવા માટે ખરીદેલી ૧૭ રૂપિયાની ટિકિટ મોતની ટિકિટ સાબિત થઈ છે. ઓરેવા કંપનીએ પૈસા કમાવાની લાયમાંમાં ઝૂલતા પુલની કેપેસિટીથી અનેક ગણી ટિકિટ વહેંચીને અનેકની જિંદગી છીનવી લીધી છે. આખરે જવાબદારો સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે, પરંતુ એમાં પણ મોટો વિવાદ છે. પોલીસ ફરિયાદમાં પુલનું મેઈન્ટેનન્સ કરનારી એજન્સી સામે ૩૦૪, ૩૦૮ અને ૧૧૪ની કલમ લગાડી ગુનો નોંધાયો છે, પરંતુ ઓરેવા કંપની કે માલિકનું હ્લૈંઇમાં ક્યાંય નામ લખાયું નથી. બીજી તરફ નગરપાલિકાના જવાબદાર અધિકારીઓ સામે પણ ગુનો નોંધવામાં આવ્યો નથી.

ઓરેવાના માલિક પરિવાર સાથે ઉદઘાટન કરવા પહોંચેલા બ્રિજ બન્યા બાદ એનું ઉદઘાટન કરવા પહોંચેલા ઓરેવાના માલિક જયસુખભાઈ પોતાના પરિવાર સાથે પહોંચ્યા હતા, પરંતુ આ દુર્ઘટના બાદ પોલીસે ગુનો નોંધ્યો છે, જેમાં જયસુખભાઈ કે તેમની કંપનીનું નામ સુધ્ધાં લખવામાં આવ્યું નથી. ઝૂલતા પુલની જવાબદારી ઓરેવા ટ્રસ્ટ પાસે હતી અને ગ્રુપના સ્ઘએ પુલને ખુલ્લો મૂક્યો હતો. ઓરેવા ગ્રુપના જયસુખ ઓધવજી પટેલ સામે માનવવધનો ગુનો દાખલ કરવાની માગ થઈ રહી છે, કારણ કે નગરપાલિકા કે વહીવટી તંત્ર પાસેથી કોઈપણ ર્હ્લઝ્ર સર્ટિફિકેટ લીધા વગર જ ઓરેવા કંપનીએ આ પુલને ખુલ્લો મૂકી દીધો હતો.

રવિવારે જ્યારે આ ઘટના બની ત્યારે સમગ્ર મોરબી સ્તબ્ધ થઈ ગયું હતું. મોતની ચિચિયારીઓની સાથે એમ્બ્યુલન્સની સાયરનોએ ચકચાર જગાવી હતી. હોસ્પિટલોમાં લોકોનું દુઃખદ આક્રંદ જોવા મળતું હતું. ત્યારે રવિવારે રાત્રે પોલીસે જવાબદાર કંપની સામે ૩૦૪, ૩૦૮ અને ૧૧૪ની કલમ લગાડીને સદોષ માનવવધનો ગુનો દાખલ કર્યો છે. પોલીસે રાત્રે આઠ વાગ્યા પછી ફરિયાદ નોંધી હતી, જેમાં ૫૦ લોકોનાં મોત અને ૧૫૦ લોકો ઈજાગ્રસ્ત હોવાનો ઉલ્લેખ કર્યો છે. બીજી તરફ આ બ્રિજનું મેઈન્ટેનન્સ કરનાર ઓરેવા કંપની અને તેના માલિકનું નામ હ્લૈંઇમાં નોંધવામાં આવ્યું નથી. ત્યારે સરકાર જવાબદારોને બચાવી લેવાની ભૂમિકામાં હોય એવી ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. મોરબી નગરપાલિકાના ચીફ ઓફિસર સંદીપસિંહ ઝાલાએ મીડિયા સાથેની વાતચીતમાં સંચાલક કંપની ઓરેવા પર ગંભીર આરોપ લગાવ્યા હતા. તેમણે કહ્યું હતું કે ઓરેવા કંપનીએ ઓફિશિયલી જાણ કર્યા વગર જ લોકોને બ્રિજ પર જવા દીધા હતા. સંદીપસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે નગરપાલિકાનો ઝૂલતો પુલ જે અતિજર્જરિત હાલતમાં હતો. એ સમયે ત્યારે લોકો માટે વપરાશ બંધ કરવામાં આવ્યો હતો. ઓરેવા ગ્રુપ છે એ અજંટા ઓરેવા ગ્રુપ એના દ્વારા આ ઝૂલતા પુલને ફરીથી સ્થાપિત કરવા માટે મેઈન્ટેનન્સ અને સમારકામ તૈયારી દર્શાવી હતી. એ અનુસંધાને કલેક્ટરની પણ મીટિંગ થયેલી હતી. એમાં એના દર નક્કી કરીને આ એગ્રીમેન્ટ કરીને એને સુપરત કરવાની કાર્યવાહીનો અનુરોધ થયો હતો. એ આધારે ૭ માર્ચે ઓરેવા કંપની સાથે જરૂરી એગ્રીમેન્ટ કરી એને ૧૫ વર્ષ માટે સમારકામ, મેઈન્ટેનન્સ અને એના તમામ આનુષંગિક ખર્ચા અને કોમર્શિયલ એસ્ટાબ્લિશમેન્ટ કરવા માટે આપવામાં આવ્યો હતો. આખરે નગરના કોઈપણ પ્રવાસન સ્થળની જવાબદારી નગરપાલિકાની હોય છે. તો આ દુર્ઘટનામાં નગરપાલિકાના અધિકારીઓ સામે કેમ કોઈ ગુનો નથી નોંધાયો એવી પણ ચર્ચાઓ શરૂ થઈ છે.

## ઓઢવમાં ફટાકડા ફોડવાની તકરાર, સામ સામે પાઈપ,તલવારથી હુમલો

અમદાવાદ,ઓઢવમાં સિંગરવા ખાતે દિવાળીના પર્વમાં ફટાકડા ફોડવા બાબતે તકરાર થઇ હતી જેમાં બન્ને પક્ષે તલવાર, પાઈપ તથા લાકડીથી હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં બન્ને પક્ષે પાંચ લોકો ઘાયલ થયા હતા. એક પક્ષના લોકોએ ઉશ્કેરાઈને ઘરમાં ઘૂસીને ઘર વખરી તથા પાંચ વાહનોની તોડફોડ કરી હતી. આ બનાવ અંગે ઓઢવ પોલીસે સામ સામે ફરિયાદ લઈને બન્ને પક્ષના કુલ ૧૭ લોકો સામે રાયોટિંગ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ઘરમાં ઘૂસી ઘર વખરી તથા પાંચ વાહનોની તોડફોડ : ઓઢવ પોલીસે બન્ને પક્ષે ૧૭ લોકો સામે ગુનો નોંધ્યો આ કેસની વિગત એવી છે કે ઓઢવ સિંગરવાગામમાં પીપળાવાળા વાસમાં રહેતા કાતિકભાઈ અશોકભાઈ ચૌહાણ (ઉ.વ.૨૭)એ ઓઢવ પોલીસ સ્ટેશનમાં ઓઢવ સિંગવા ગામમાં રહેતા સુનિલભાઈ ઉર્ફે ચિંગુ કનુંભાઈ ખાંટ તથા શૈલેષભાઈ અંબાલાલ ખાંટ સહિત આઠ લોકો સામે ફરિયાદ નોંધાવી છે કે તા. ૨૬ના રોજ રાતે ૧૦ વાગે ફરિયાદી તથા તેમના કૌટુંબિક ભાઈઓ ધાર્મિકભાઈ, કિશનભાઈ અને મિત્રો સાથે તેમના ઘર પાસે ફટાકડા ફોડતા હતા. આ સમયે સુનિલભાઈ ખાંટ બાઈક લઈને નીકળ્યા હતા, જ્યાં ભુલથી ફટાકડો તેમના બાઈક ઉપર ફૂટયો હતો. કેમ મારી બાઈક પર ફટાકડો નાંખ્યો તેમ કહીને તકરાર કરી હતી. રવિવાભાઈએ માફી માગતા તેઓ ત્યાંથી જતા રહ્યા હતા. ત્યારબાદ કલાક પછી શૈલષભાઈ ખાંટ સહિત આરોપીઓ આવ્યા હતા અને કહ્યું હવે ફટાકડા ફોડો કહીને તકરાર કરી હતી અને ઉશ્કેરાઈને તલવારથી ધાર્મિકભાઈ ઉપર હુમલો કર્યો હતો તથા બીજા લોકોએ પાઈપથી હુમલો કર્યો હતો. મારા મારીમાં શૈલેષભાઈ તથા ફરિયાદી અને રાકેશભાઈને ઈજાઓ થઈ હતી.બીજીતરફ ઓઢવ સિંગરવા ગામમાં રહેતા શૈલેષભાઈ અંબાલાલ ખાંટ (ઉ.વ.૩૦)એ ઓઢવ પોલીસ સ્ટેશનમાં સિંગરવા ગામમાં રહેતા કાર્તિકભાઈ અશોકભાઈ ચૌહાણ અને ધાર્મિકભાઈ મુકેશભાઈ ચૌહાણ સહિત નવ વ્યકિત સામે ફરિયાદ નોંધાવી છે .